# ઑન્ટારિયોની પ્રાંતીય ચૂંટણીમાં મતદાન કરવા તૈયાર થાવ!

**2** જૂન અથવા તે પહેલાં તમારા **X**ને ચિહ્નિત કરો.

## લાયકાત

ઑન્ટારિયોની ચૂંટણીમાં મત આપવા માટે, તમારે આ હોવું જ જોઈએ:

- ચૂંટણીના દિવસે 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના;
- કેનેડિયન નાગરિક; અને
- ઑન્ટારિયોના રહેવાસી.

## નોંધણી

23 મે સુધી eregistration.elections.on.ca પર મતદાર યાદીમાં તમારી માહિતીની પુષ્ટિ કરો, અદ્યતન કરો અથવા ઉમેરો.

જો તમે નોંધાયેલ ન હોવ તો પણ તમે મત આપી શકો છો. જ્યારે તમે મતદાન કરવા જાવ ત્યારે તમારી માહિતી રૂબરૂમાં ઉમેરો.

## મતદાર માહિતી કાર્ડ

જો તમે મતદાર યાદીમાં હોવ, તો ક્યારે અને ક્યાં મત આપવો તેની માહિતી સાથેનું એક મતદાર માહિતી કાર્ડ તમને ટપાલ કરવામાં આવશે. 13 મેના સપ્તાહથી મતદાર માહિતી કાર્ડ રવાના થવા માંડશે.



**Voter Information Card**
**Carte d’information de l’électeur**

**Vote on Election Day — June 2, 2022, 9 AM to 9 PM (ET)**
**Vote on Election Day (FR) — 2 juin 2022, de 9 h à 21 h (HE)**

**Your voting location | Votre lieu de vote**
*1234 NORTH WALSINGHAM - SOUTH
WALSINGHAM TOWNLINE RD
TORONTO ON M4P 0C6

**Your electoral district | Votre circonscription électorale**
LEEDS—GRENVILLE—THOUSAND ISLANDS
AND RIDEAU LAKES | LEEDS—GRENVILLE—
THOUSAND ISLANDS ET RIDEAU LAKES

**Your registered address | Votre adresse inscrite**
1234 NORTH WALSINGHAM - SOUTH
WALSINGHAM TOWNLINE RD
TORONTO ON M4P 0C5

**Poll | Bureau de vote**
#####

*Contact us about the accessibility of this location.
*Veuillez nous contacter pour toute question concernant l’accessibilité de ce lieu de vote.

Return address:
1234 NORTH
WALSINGHAM -
SOUTH WALSINGHAM
TOWNLINE RD
CITY ON E0E 0E0

CANADA POST | POSTES CANADA

859-3956-20011-559312

JONATHAN SAMPLE
1234 NORTH WALSINGHAM
- SOUTH WALSINGHAM
TOWNLINE RD
TORONTO ON M4P 0C5

જો તમને મતદાર માહિતી કાર્ડ ન મળે તો પણ તમે મત આપી શકો છો. તમારું નામ અને વર્તમાન રહેઠાણનું સરનામું બંને દર્શાવતો ઓળખપત્રનો એક દસ્તાવેજ લાવો.

તમારા ચૂંટણી-જિલ્લામાં તારીખો અને મતદાન મથકોની સંપૂર્ણ યાદી માટે, elections.on.ca ની મુલાકાત લો અથવા Elections Ontario એપ્લિકેશન ડાઉનલોડ કરો.

## મતદાન માટે ઓળખપત્ર

શું તમારી પાસે મતદાર માહિતી કાર્ડ છે?

હા– તો તમારું નામ દર્શાવતા ઓળખપત્રનો એક દસ્તાવેજ લાવો

ના – તો  તમારું નામ અને રહેઠાણનું સરનામું દર્શાવતા ઓળખપત્રનો એક દસ્તાવેજ લાવો

જ્યારે તમે મતદાન કરવા જાવ ત્યારે તમે તમારા ઓળખપત્રની ઈલેક્ટ્રોનિક નકલનો ઉપયોગ કરી શકો છો, જે પ્રિન્ટ કાઢેલ હોય અથવા મોબાઈલ ઉપકરણ પર પ્રદર્શિત થઈ શકે છે.

ફોટો ઓળખપત્ર જરૂરી નથી. જ્યારે તમે મતદાન કરવા જાવ ત્યારે તમારે તમારા લિંગ અથવા લિંગ અભિવ્યક્તિ વિશે કોઈ માહિતી આપવાની જરૂર નથી.

સ્વીકૃત ઓળખપત્રનાં ઉદાહરણોમાં સામેલ છે:

- ઓન્ટારિયો ડ્રાઇવિંગ લાઇસન્સ
- ઓન્ટારિયો ફોટો કાર્ડ
- ક્રેડિટ કાર્ડ સ્ટેટમેન્ટ
- વપરાશનું બિલ
- રહેણાંકની લીઝ

· વિદ્યાર્થી ટ્રાન્સક્રિપ્ટ

રૂબરૂ મતદાન કરવા માટે સ્વીકૃત ઓળખપત્રની યાદી elections.on.ca/id-requirements પર મેળવો.

## આવો, અમારી સાથે કામ કરો

આ ચૂંટણીમાં કામ કરવા માટે અરજી કરો!

જો તમારી ઉંમર 16 કે તેથી વધુ હોય, તો તમે અગાઉથી મતદાન દરમિયાન અથવા ચૂંટણીના દિવસે ચૂંટણી અધિકારી તરીકે કામ કરવા માટે અરજી કરી શકો છો. ચૂંટણીમાં કામ કરીને, તમે દરેક માટે મતદાનને સરળ બનાવવામાં મદદ કરી રહ્યા છો.

તમામ હોદ્દાઓ ચૂકવણીપાત્ર છે, અને સ્ટાફને સુરક્ષિત રાખવા માટે વધારાનાં આરોગ્ય પગલાં લેવામાં આવે છે.

વધુ માહિતી માટે, jobs.elections.on.ca ની મુલાકાત લો.

## ઇલેક્શન્સ ઓન્ટારિયો ઍપ

અમારી નવી મોબાઇલ એપ્લિકેશન વડે વ્યક્તિગત ચૂંટણી માહિતી મેળવો!

ઇલેક્શન્સ ઑન્ટારિયો ઍપ ડાઉનલોડ કરો અને નીચેનું સુલભ કરવા માટે એકાઉન્ટ બનાવો:

- તમારું મતદાર માહિતી કાર્ડ સ્કૅન કરી શકાય તેવું સંસ્કરણ
- તમારાં મતદાન મથકો અને તારીખોની સંપૂર્ણ યાદી
- જરુરિયાત મુજબ બનાવી શકાતી ચૂંટણી સૂચનાઓ
- તમારા ચૂંટણી-જિલ્લા માટેના ઉમેદવારોની યાદી

## વહેલું મતદાન કરો

- ટપાલ દ્વારા
  - ટપાલ દ્વારા મત આપવા માટે votebymail.elections.on.ca પર અરજી કરો અથવા elections.on.ca પર અરજી ફોર્મ ડાઉનલોડ કરો અને પ્રિન્ટ કરો
  - Elections Ontarioએ 27 મેના રોજ સાંજે 6 વાગ્યા સુધીમાં (ઈસ્ટર્ન ટાઇમ) તમારી અરજી પ્રાપ્ત કરવી જોઈએ
  - Elections Ontarioને ગણતરી માટે 2 જૂનના રોજ સાંજે 6 (ઈસ્ટર્ન ટાઇમ) સુધીમાં તમારી પૂર્ણ થયેલ વોટિંગ કીટ પ્રાપ્ત થવી જોઈએ.
  - ટપાલ દ્વારા તમારે મત આપવા માટે જરૂરી ઓળખપત્ર અલગ છે. elections.on.ca/id-requirements પર વધુ જાણો

- તમારી રિટર્નિંગ ઓફિસમાં
  - તમારી રિટર્નિંગ ઓફિસ એ તમારા ચૂંટણી-જિલ્લા માટેનું સ્થાનિક ચૂંટણી કાર્યાલય છે

- તમારી રિટર્નિંગ ઑફિસમાં 5 મે થી 1 જૂનના રોજ સાંજે 6 વાગ્યા સુધી (ઇસ્ટર્ન ટાઇમ મુજબ) રૂબરૂમાં મત આપો
    - તમારા મતદાર માહિતી કાર્ડ પર અથવા voterinformationservice.elections.on.ca પર તમારી રિટર્નિંગ ઑફિસ શોધો.
- આગોતરા મતદાન દરમિયાન
    - 19 અને 28 મેની વચ્ચે તમારા ચૂંટણી-જિલ્લામાં સવારે 10 થી સાંજના 8 વાગ્યા સુધી (ઇસ્ટર્ન ટાઇમ મુજબ) કોઈપણ આગોતરા મતદાન મથક પર મતદાન કરો.
    - મતદાન મથકો અને તારીખોની સંપૂર્ણ યાદી voterinformationservice.elections.on.ca પર મેળવો.

## ચૂંટણીના દિવસે મતદાન

- 2 જૂનના રોજ સવારે 9 થી રાતના 9 વાગ્યા સુધી (ઇસ્ટર્ન ટાઇમ મુજબ) તમારા સોંપેલ મતદાન મથક પર મત આપો.
- તમારા મતદાર માહિતી કાર્ડ, ઈલેક્શન્સ ઑન્ટારિયો ઍપ અથવા voterinformationservice.elections.on.ca પર તમારું સોંપાયેલ મતદાન મથક શોધો.

## સુલભતા

તમારા માટે ઉપલબ્ધ કેટલાંક સુલભ સાધનો અને સેવાઓ આ રહ્યાં.

તમારી રિટર્નિંગ ઓફિસમાં:

- 21 મે થી 1 જૂન સુધી અથવા ચૂંટણીના દિવસે એપોઇન્ટમેન્ટ દ્વારા સહાયક મતદાન ટેકનોલોજીનો ઉપયોગ કરો
- હોમ વિઝિટની વિનંતી કરવા અથવા તમારા મતદાન મથક પર સુલભ કર્બસાઇડ વોટિંગ માટે તમારી રિટર્નિંગ ઑફિસને ફોન કરો
- તમારી સુલભતાની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરે તેવા મતદાન મથક પર બદલીની વિનંતી ચૂંટણીના દિવસ પહેલાં કરો

તમારા મતદાન મથકે:

- અમેરિકન સાઇન લેંગ્વેજ દુભાષિયા અથવા ઇન્ટરવેનર બુક કરો અને ખર્ચ અમે આવરી લઈશું
- તમારા મોબાઇલ ઉપકરણનો ઉપયોગ સુલભતા સાધન તરીકે કરો
- મેગ્નિફાયર અથવા બ્રેઈલ બેલેટ ટેમ્પલેટની વિનંતી કરો
- સહાય માટે મિત્ર, સહાયક વ્યક્તિ અથવા સર્વિસ એનીમલને લાવો
- મતદાનની સૂચનાઓ અને માહિતી 30 થી વધુ ભાષાઓમાં elections.on.ca પર મેળવો

જ્યાં શક્ય હોય ત્યાં, મતદાનના તમામ સ્થળોએ ઈલેક્શન્સ ઑન્ટારિયોના સાઇટ એક્સેસિબિલિટી ધોરણોને પૂર્ણ કરવા આવશ્યક છે.

વિનંતી પર મતદાન વિશેની માહિતી વૈકલ્પિક પ્રારૂપમાં ઉપલબ્ધ છે.

તમારા મતદાન મથક અને અન્ય સેવાઓની સુલભતા વિશે વધુ માહિતી માટે, elections.on.ca/accessible-voting ની મુલાકાત લો.

## કોવિડ - 19

અમે મતદારો અને અમારા સ્ટાફ માટે મતદાન સુરક્ષિત રાખવા માટે આરોગ્યના મુખ્ય તબીબી અધિકારીની ઓફિસ સાથે કામ કરી રહ્યા છીએ. પ્રાંતીય કોવિડ-19 પગલાં ઉપરાંત, જાહેર આરોગ્ય એકમો અને નગરપાલિકાઓ તેમના પ્રદેશ માટે અન્ય કોવિડ-19 આરોગ્ય પગલાં ગોઠવી શકે છે.

જ્યારે તમે મતદાન કરવા જશો, ત્યારે તમે જોશો કે અમે તે સમયે ઉપલબ્ધ શ્રેષ્ઠ માહિતીના આધારે પગલાં લીધાં છે - આમાં માસ્ક, શારીરિક અંતર, હેન્ડ સેનિટાઇઝર અને પ્લેક્સિગ્લાસ અવરોધો સામેલ હોઈ શકે છે.

## અમારો સંપર્ક કરો

- વેબસાઇટ: elections.on.ca
- ફોન: 1.888.668.8683
- ટીટીવાય: 1.888.292.2312
- ઇમેઇલ: info@elections.on.ca
- ટ્વીટર: @ElectionsON
- ફેસબુક: ElectionsON
- ઇન્સ્ટાગ્રામ: @electionson